# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ઓડિશામાં પુરી જગન્નાથ મંદિરમાં દર્શન કર્યાં – સુશ્રી મુર્મૂ મહુલદિલીમાં નવનિર્મિત હૉલિડે હૉમનું ઉદ્ઘાટન કરશે.**
2. **ગૃહ મંત્રાલય દ્વારા આજે નવી દિલ્હીમાં લદ્દાખની વિવિધ માગણીઓ અંગેની વાટાઘાટોના નવા તબક્કા હેઠળ બેઠક યોજાશે.**
3. **વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર વૉશિંગ્ટનમાં યોજાનારી ખનીજ અંગેની મંત્રી સ્તરીય બેઠકમાં ભાગ લેશે.**
4. **ઇરાનના રાષ્ટ્રપ્રમુખ મસુદ પેઝેશ્કિયને કહ્યું, તેમણે વિદેશ મંત્રીને અમેરિકા સાથે નિષ્પક્ષ અને ન્યાયસંગત સંવાદ કરવા નિર્દેશ આપ્યો.**
5. **ICCમાં અંડર-19 ક્રિકેટ વિશ્વકપની બીજી સેમિફાઈનલમાં આજે ભારત અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો.**

.........................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# PREZ-ODISHA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ઓડિશાનાં પ્રવાસ દરમિયાન આજે પુરીના શ્રી જગન્નાથ મંદિરમાં દર્શન કરીને પૂજા-અર્ચના કરી હતી. રાષ્ટ્રપતિ મહુલદિહીનાં સરકારી ગર્લ્સ હાયર સેકેન્ડરી સ્કૂલમાં પ્રખ્યાત નેતા ભંજબીર સુનારામ સોરેનની પ્રતિમાનું અનાવરણ કરશે. રાષ્ટ્રપતિશ્રી પ્લેટિનમ જયંતી સમારોહમાં પણ ભાગ લેશે તથા વિદ્યાર્થિનીઓ અને શિક્ષકો સાથે સંવાદ કરશે.

રાષ્ટ્રપતિ મહુલદિહીમાં નવનિર્મિત હૉલિડે હોમનું ઉદ્ઘાટન કરશે. ઉપરાંત પૂર્ણેશ્વર મહાદેવ મંદિરમાં પૂજા-અર્ચના કરશે. બપોરે રાયરાંગપુર કલેક્ટરેટ સ્ટેડિયમમાં તેઓ આરોગ્ય સેવા , શિક્ષણ, રમતગમત, આદિવાસી કલ્યાણ અને શહેરી માળખાગત સુવિધાઓ સંબંધિત અનેક વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમજ જાહેરસભાને પણ સંબોધશે.

. . . . . . . . . . . . . . . . . . .

# LADAKH – MHA -TALKS

ગૃહ મંત્રાલય દ્વારા આજે નવી દિલ્હીમાં લદ્દાખની વિવિધ માગણીઓ અંગેની વાટાઘાટોના નવા તબક્કા હેઠળ બેઠક યોજાશે. લદ્દાખના નેતાઓ દ્વારા ગયા વર્ષે નવેમ્બરમાં મંત્રાલયને સોંપાયેલા મુસદ્દા પ્રસ્તાવ પર ચર્ચા માટે આ બેઠક બોલાવાઈ છે.

બેઠકમાં લદ્દાખનાં સાંસદ હનિફાજાન , કારગિલ હિલ કાઉન્સિલના મુખ્ય કાર્યકારી સભ્ય ડૉક્ટર મોહમ્મદ જાફર અખૂન અને પૂર્વ લોકસભા સાંસદ થુપ્સ્ટન છેવાન્ગના નેતૃત્વમાં 14 સભ્યનું પ્રતિનિધિમંડળ ભાગ લેશે. તેમાં લેહ ટોચના એકમ અને કેડીએ કારગિલથી સાત-સાત પ્રતિનિધિ સામેલ થશે.

ગયા વર્ષે 22 ઑક્ટોબરે થયેલી વાતચીત બાદ આ પહેલી અનુવર્તી બેઠક હશે. તેમાં બંને પક્ષે વાર્તાના આગામી તબક્કા પહેલા માળખાગત માગણીના ભાગરૂપે ગૃહ મંત્રાલયે એક મુસદ્દો પ્રસ્તાવ રજૂ કરવાનો નિર્ણય કર્યો હતો. લદ્દાખના મુદ્દાઓ અને માગ પર સરકાર ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયની અધ્યક્ષતામાં ઉચ્ચ અધિકાર સમિતિના માધ્યમથી પ્રતિનિધિઓ સાથે વાટાઘાટ કરી રહ્યા છે.

ગૃહ મંત્રાલયને સોંપાયેલા 29 પાનાના મુસદ્દા પ્રસ્તાવની મુખ્ય માગ રાજ્યનો દરજ્જો, છઠ્ઠી અનુસૂચિ અને ગયા વર્ષ 24 સપ્ટેમ્બરની હિંસામાં તમામ લોકોની માફી સામેલ છે.

. . . . . . . . . . . . . . . . .

# LS - PM GARIB KALYA YOJANA

સરકારે જણાવ્યું કે **100** ટકા રાશનકાર્ડનું ડિજિટાઇઝેશન કરાયું અને **99** ટકાથી વધુ રાશનકાર્ડ આધાર કાર્ડ સાથે જોડાયેલા છે.

લોકસભામાં આજે પૂરક પ્રશ્નનો જવાબ આપતા ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાએ જણાવ્યું કે સરકાર પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આશરે **81** કરોડથી વધુ લાભાર્થીઓને નિઃશુલ્ક અનાજ આપી રહી છે.

મંત્રીએ જણાવ્યું હતું કે , એક રાષ્ટ્ર, એક રાશનકાર્ડ યોજનાના અમલીકરણ સાથે, સ્થળાંતરિત શ્રમિકો હવે દેશભરની કોઈપણ વાજબી ભાવની દુકાનોમાંથી તેમના અનાજ લઈ શકે છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# LS – ADJOURN

લોકસભામાં વિવિધ મુદ્દાઓ પર વિપક્ષોના ભારે હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી બપોરના 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. સવારે ગૃહની બેઠક મળતા લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નકાળ શરૂ કર્યો પણ વિપક્ષના હોબાળાના કારણે ગૃહની કાર્યવાહી 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

લોકસભા અધ્યક્ષે વિરોધ પક્ષોને ગૃહની કાર્યવાહી ચાલવા દેવાની અપીલ કરી. તેમ છતાં વિરોધ યથાવત્ રહેતા ગૃહની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી.

. . . . . . . . . . . . . . . . . . . .

# LS - GOYAL - INDIA US DEAL

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે ભારત અને અમેરિકા વચ્ચેનો વેપાર કરાર બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવા અને 2047 સુધીમાં વિકસિત ભારત તરફ આગળ વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે.

લોકસભામાં નિવેદન આપતા શ્રી ગોયલે કહ્યું કે, આ વેપાર કરાર દરમિયાન, ભારત સંવેદનશીલ ક્ષેત્રો ખાસ કરીને કૃષિ અને ડેરીમાં તેના હિતોનું સફળતાપૂર્વક રક્ષણ કરવામાં સક્ષમ રહ્યું છે. તેમણે કહ્યું કે , 2 ફેબ્રુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વચ્ચે વાટાઘાટો બાદ રાષ્ટ્રપતિ ટ્રમ્પે અમેરિકામાં ભારતીય નિકાસ પર ટેરિફમાં 18 ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી.

તેમણે કહ્યું કે, આ દર અમેરિકા દ્વારા અન્ય ઘણા દેશો પર લાદવામાં આવેલા ટેરિફ કરતા તુલનાત્મક રીતે ઓછો છે , જે યુએસ બજારમાં ભારતીય નિકાસની સ્પર્ધાત્મકતા વધારશે.

. . . . . . . . . . . . . . . . . . .

# JAISHAKAR-US VISIT

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર વૉશિંગ્ટનમાં યોજાનારી ખનીજ અંગેની મંત્રિસ્તરીય બેઠકમાં ભાગ લેશે. દરમિયાન શ્રી જયશંકરે ગઈકાલે વૉશિંગ્ટનમાં યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો સાથે મુલાકાત કરી હતી.

સોશિયલ મીડિયા પોસ્ટમાં , ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે તેમણે દ્વિપક્ષીય સહયોગ એજન્ડા , પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા સાથે ભારત-અમેરિકાની વ્યૂહાત્મક ભાગીદારીના પાસાઓ પર ચર્ચા કરી હતી , જેમાં વેપાર , ઊર્જા, પરમાણુ, સંરક્ષણ, મહત્વપૂર્ણ ખનીજ અને ટેકનોલોજીનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# BRAZIL PREZ INDIA VISIT

બ્રાઝિલના રાષ્ટ્રપ્રમુખ લુઇસ ઇનાસિયો લૂલા દા સિલ્વા આ મહિને ભારતના પ્રવાસે આવશે. ઝડપથી બદલાતી વૈશ્વિક વ્યવસ્થાઓ વચ્ચે તેમના પ્રવાસથી દ્વિપક્ષીય સંબંધ વધુ મજબૂત થવાની સંભાવના છે.

ભારતમાં બ્રાઝિલના રાજદૂત કેનેથ એચ. દા નૉબ્રેગાએ એક સમાચાર સંસ્થાને આપેલા ઇન્ટરવ્યૂમાં આ માહિતી આપી. તેમણે વેપાર , ટૅક્નોલૉજી અને ભૂ-રાજનીતિ ક્ષેત્રમાં બંને દેશ વચ્ચે વધતા સમન્વયને મહત્વનો ગણાવ્યો.

રાજદૂતે કહ્યું , રાષ્ટ્રપતિ લૂલા દા સિલ્વાનો આ પ્રવાસ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના બ્રાઝિલ પ્રવાસના એક વર્ષથી પણ ઓછા સમયમાં થઈ રહ્યો છે. તેમણે કહ્યું, બંને દેશે 70 વર્ષથી વધુ સમયથી રાજદ્વારી સંબંધ જાળવી રાખ્યા છે અને આજના વૈશ્વિક વાતાવરણમાં પણ તેમનું વિશેષ મહત્વ છે.

. . . . . . . . . . . . . . . . . . . . .

# INDIA KENYA CONSULTATION

ભારત અને કૅન્યાએ આજે બંને દેશ વચ્ચે વિદેશ કાર્યાલય પરામર્શના ત્રીજા તબક્કાની સહ-અધ્યક્ષતા કરતા દ્વિપક્ષીય સંબંધની સમીક્ષા કરી. વિદેશ મંત્રાલયમાં પૂર્વ અને દક્ષિણ આફ્રિકાના સંયુક્ત સચિવ જનેશ કૈન તથા કેન્યાનાં વિદેશ અને પ્રવાસી બાબતોના મંત્રાલયમાં ઍશિયા-પ્રશાંત ક્ષેત્રનાં ઉપ મહાનિદેશક જૅન મકોરીએ નૈરોબીમાં બેઠક યોજી. દરમિયાન બંને દેશે પ્રાદેશિક અને વૈશ્વિક હિતના મુદ્દાઓ પર વિચારનું આદાનપ્રદાન કર્યું.

નૌરોબીમાં ભારતીય ઉચ્ચાયુક્તે જણાવ્યું , બંને દેશે તમામ ક્ષેત્રમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા અંગે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી. તેમાં રાજકીય પ્રવૃત્તિઓ , વેપાર અને રોકાણ, સંરક્ષણ તથા સુરક્ષા , ડિજિટલ માળખાકીય સુવિધા , શિક્ષણ, સંસ્કૃતિ, ક્ષમતા નિર્માણ અને પ્રવાસન સામેલ છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# IRAN US NEGOTIATION

ઇરાનના રાષ્ટ્રપ્રમુખ મસુદ પેઝેશ્કિયને કહ્યું , તેમણે દેશના વિદેશ મંત્રીને અમેરિકા સાથે નિષ્પક્ષ અને ન્યાયસંગત સંવાદ કરવા નિર્દેશ આપ્યો છે. ઇરાન તરફથી સંવાદ કરવાનો આ પહેલો સ્પષ્ટ સંકેત છે. ગયા મહિને દેશવ્યાપી પ્રદર્શન પર થયેલી હિંસક કાર્યવાહી બાદ અમેરિકા સાથે તણાવ જોવા મળી રહ્યો છે.

આ જાહેરાત એવા સમયે થઈ છે, જ્યારે ગઈકાલે એક અમેરિકી હવાઈ જહાજ તરફ વધી રહેલા ઇરાનના ડ્રોનને અમેરિકાના નૌકાદળને એક લડાકૂ વિમાને તોડી પાડ્યું. સંયુક્ત રાષ્ટ્રમાં ઇરાનના મિશને આ ઘટના પર તાત્કાલિક કોઈ ટિપ્પણી નથી કરી. અમેરિકાની સેનાએ ડ્રોનને તોડી પાડવાની જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . . . . . . . . .

# TRUMP APPROPRIATIONS ACT

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પે સમવાયી સરકારને તાત્કાલિક ફરી ખોલવા અને બાકીના નાણાકીય વર્ષ દરમિયાન વધુ કાર્યોને ભંડોળ પૂરું પાડવા સંકલિત વિનિયોગ વિધેયક પર હસ્તાક્ષર કર્યા છે. તે અંદાજે 10 બિલિયન ડૉલરના વિદેશી સહાય ખર્ચમાં કાપ મુકે છે તેમજ અમેરિકાની આંતરરાષ્ટ્રીય વિકાસ સંસ્થા – USAID કાર્યક્રમના સમાપનને યથાવત્ રાખે છે.

શ્રી ટ્રમ્પે કહ્યું, આ નવા વિધેયક હેઠળ ન્યૂ અમેરિકા ફર્સ્ટ અપાર્ચ્યૂનિટી ફંડનું સર્જન કરાશે તેમજ સ્વદેશ પરત આવતી ઉડાનોને પણ ભંડોળ મળશે.

**(BYTE: DONALD TRUMP – US PRESIDENT)**

. . . . . . . . . . . . . . . . . . . .

# UNDER 19 WORLD CUP CRICKET

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – ICCમાં 19 વર્ષથી ઓછી વયના ખેલાડીઓના એક દિવસીય ક્રિકેટ વિશ્વકપની બીજી સેમિફાઈનલમાં આજે ભારત અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે. ઝિમ્બાબ્વેના હરારેમાં રમાતી મૅચમાં અફઘાનિસ્તાને ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી.

આજે વિજેતા થનારી ટીમ આ શુક્રવારે ફાઈનલમાં ઇંગ્લૅન્ડ સામે ટકરાશે. જોકે, ભારતીય ટીમ અત્યાર સુધી એક પણ મૅચ હારી નથી. આ વિશ્વકપના ઇતિહાસમાં ભારતીય ટીમ સૌથી સફળ ટીમ છે. ભારતે પાંચ વખત વર્ષ 2000, 2008, 2012, 2018 અને 2022માં વિશ્વ ખિતાબ જીત્યો હતો.

. . . . . . . . . . . . . . . . . . . .